# મહીસાગરમાં GBSના પગલે આરોગ્ય વિભાગની ૨૧ ટીમ દ્વારા સર્વે શરૂ કરાયો

**નિયમોનું** ઉલ્લંઘન કરનાર શાળાઓ અને કેન્ટીનો સામે કડક કાર્યવાહીની ચેતવણી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૬
મહીસાગર જિલ્લામાં ગુલિયન-બારે સિન્ડ્રોમ (GBS) ના શંકાસ્પદ કેસો નોંધાતા જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે હરકતમાં આવ્યું છે. નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષાને અગ્રતા આપી કલેક્ટર અર્પિત સાગરે લુણાવાડાના જયશ્રી નગર અને ગણેશ સોસાયટીની રૂબરૂ મુલાકાત લઈ ગ્રાઉન્ડ ઝીરો પરથી સર્વેની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

લુણાવાડામાં હાલ આરોગ્ય વિભાગની ૨૧ જેટલી ટીમો કાર્યરત છે . જયશ્રી નગર સોસાયટીમાં ૫૯ અને ગણેશ સોસાયટીમાં ૬૧ જેટલા ઘરોનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. મેડિકલ ઓફિસર અને ફીમેલ હેલ્થ વર્કર સહિતની ટીમો ઘરે-ઘરે ફરીને બાળકો તથા નાગરિકોના સ્વાસ્થ્યની તપાસ કરી રહી છે અને લક્ષણો ધરાવતા દર્દીઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ અંગે કલેક્ટરે જણાવ્યું હતું કે, કુમાર છાત્રાલયના ઝાડા-ઉલટીની અસર ધરાવતા ૬ બાળકો પૈકી ૪ ને રજા અપાઈ છે, જ્યારે ૨ ની હાલત સ્થિર છે. તકેદારીના ભાગરૂપે જિલ્લાની શાળાઓ, કેન્ટીન, આંગણવાડીઓ અને મધ્યાહ્ન ભોજન કેન્દ્રોમાં ફૂડ સેફ્ટીની સઘન ચકાસણી કરવામાં આવશે. જ્યાં પણ સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન જણાશે ત્યાં કડક કાર્યવાહી કરી નોટિસ ફટકારવાના કડક નિર્દેશો આપવામાં આવ્યા છે.

### 3 શાળાને નોટિસ ઇમ્પ્રુવમેન્ટ નોટિસ અપાઇ

લુણાવાડાની શાળાઓ, હોટેલો અને રેસ્ટોરન્ટ્સમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થોની ગુણવત્તામાં કચાસ જણાતા આદર્શ કેર સ્કૂલ, વાઈબ્રન્ટ વેદ્ઝ ઇન્ટરનેશનલ એકેડેમી, ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ અને ઇન્ફીનીટી સ્કૂલ જેવી શાળાઓને ‘ઇમ્પ્રુવમેન્ટ નોટિસ’ આપવામાં આવી છે. આ શાળાઓમાંથી અંદાજે ૧૮ થી વધુ નમૂના લેવામાં આવ્યા હતા અને હજારોની કિંમતના અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરનારા ૭ એકમો પાસેથી નગરપાલિકા દ્વારા રૂ. ૫,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો. ખાણીપીણીના એકમો પર સર્વેક્ષણ વહીવટી તંત્ર દ્વારા ખોડિયાર કાઠિયાવાડી ઢાબા, નિયો પોલિટન પીઝા અને રાજસ્થાની દાળબાટી સેન્ટર જેવા જાણીતા એકમોમાંથી ૧૩ જેટલા શંકાસ્પદ નમૂના લેવાયા હતા. કુલ મળીને રૂ. ૨૭,૦૦૦ થી વધુની કિંમતના જોખમી ખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે.

# આણંદ માહિતી કચેરીના સુશીલ ક્રિશ્ચિયનનું મંત્રીના હસ્તે બહુમાન

**ચૂંટણી પ્રક્રિયા** અને સરકારી યોજનાઓના અસરકારક પ્રચાર-પ્રસાર બદલ સન્માનિત કરાયા



(પ્રતિનિધિ) આણંદ તા.૧૬
ઉમરેઠ ખાતે ૮૦મા સ્વાતંત્ર પર્વની ભવ્ય ઉજવણી પ્રસંગે જિલ્લા પ્રશાસન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં માહિતી કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર સુશીલ ક્રિશ્ચિયનને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ મંત્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આણંદ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણી દરમિયાન, જિલ્લા પ્રશાસન દ્વારા વિવિધ ક્ષેત્રે પ્રશંસનીય સેવાઓ આપનાર કર્મયોગીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ અંતર્ગત માહિતી કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર સુશીલ ક્રિશ્ચિયન દ્વારા ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કરવામાં આવેલી કામગીરી અને સરકારી યોજનાઓના વ્યાપક પ્રચાર-પ્રસાર માટેની તેમની નિષ્ઠાને ધ્યાને લેવામાં આવી હતી. મંત્રી સંજયસિંહ મહીડાના હસ્તે તેઓને આ ગૌરવપૂર્ણ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને નાગરિકોની ઉપસ્થિતિમાં તેમની કર્તવ્યનિષ્ઠાની સરાહના કરવામાં આવી હતી.

## ઉમરેઠના શીલી ગામે દવાખાના નજીકથી શિશુનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.૧૬
ઉમરેઠના શીલી ગામે મહેન્દ્રભાઈ પટેલના દવાખાના નજીક રોડની સાઈડમાંથી એક નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે.

આ ઘટનાની જાણ થતાં જ ઓડ આઉટ પોસ્ટ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે શિશુના મૃતદેહને પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે ઓડ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે કોઈ અજાણી વ્યક્તિએ પોતાના ગેરકાયદે સંબંધો છુપાવવા અથવા નવજાત ભ્રૂણના નિકાલ કરવાના ઈરાદે આ શિશુને અહીં ફેંકી દીધું હશે. હાલ ખંભોળજ પોલીસે તપાસ હાથ ધરી છે.

## આણંદ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉમરેઠ ખાતે ભવ્ય ઉજવણી કરાઇ



ઉમરેઠના એસએનડીટી ગ્રાઉન્ડ ખાતે પ્રભારી મંત્રી સંજયસિંહ મહીડાએ રાષ્ટ્રધ્વજ લહેરાવી ૮૦મા સ્વાતંત્ર પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ અવસરે તેઓએ ઉમરેઠ તાલુકાના વિકાસ કામો માટે રૂ. ૨૫ લાખનો ચેક એનાયત કર્યો હતો અને શ્રેષ્ઠ સેવા આપનાર અધિકારીઓ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર નાગરિકોનું સન્માન કર્યું હતું. વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા અને મહાનુભાવો દ્વારા ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ મિતેશભાઈ પટેલ, ઉમરેઠના ધારાસભ્ય હર્ષદભાઈ પરમાર, કલેક્ટર પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી સહિતના અધિકારીઓ તથા તાલુકાના અગ્રણી પદાધિકારીઓ, જિલ્લાના વિવિધ શાળાના શિક્ષકગણ સહિત વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખેડા જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય દિન ફાગવેલ ખાતે યોજાયો



ખેડા જિલ્લાના નવરચિત ફાગવેલ તાલુકામાં કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની પ્રેરક ઉપસ્થિતિમાં ૮૦મા સ્વાતંત્ર પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે કલેક્ટરે ધ્વજવંદન કરી ‘વિકાસની ઝાંખી- ખેડા જિલ્લો ૨૦૨૬’ પુસ્તિકાનું વિમોચન કર્યું અને જિલ્લા આયોજન માટે ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં દેશભક્તિલક્ષી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી અને વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શ્રેષ્ઠીઓ તેમજ કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કલેક્ટરે જિલ્લાની આરોગ્ય, શિક્ષણ અને કૃષિ ક્ષેત્રની પ્રગતિ વર્ણવી સૌને ‘વિકસિત ભારત @૨૦૪૭’ ના સંકલ્પને સિદ્ધ કરવા કટિબદ્ધ થવા અપીલ કરી હતી.

## મહીસાગર જિલ્લા કક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ વીરપુરના વરધરા ખાતે ઉજવાયો



મહીસાગર કલેક્ટર અર્પિત સાગરના હસ્તે આન, બાન અને શાન સાથે ધ્વજવંદન કરાયું અને વીરપુર તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ થયો હતો. આ પ્રસંગે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જિલ્લાની ઐતિહાસિક સિદ્ધિઓ વર્ણવી ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અધિકારીઓ, કર્મચારીઓ અને ખેલાડીઓનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત દેશભક્તિથી સભર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા અને કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ અપાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવાર, ધારાસભ્ય માનસિંહ ચૌહાણ, પૂર્વ સાંસદ રતનસિંહ રાઠોડ, જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધાર્થ, પોલીસ અધિક્ષક સફિન હસન સહિત જિલ્લાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ વિભાગના અધિકારીઓ, પોલીસ જવાનો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## ચારુસેટ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીમાં ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ અને રજીસ્ટ્રારની ઉપસ્થિતિમાં યોજાયેલી આ યાત્રામાં NSS, NCC અને વિવિધ ફેકલ્ટીના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. એડમિન બિલ્ડિંગથી શરૂ થયેલી આ યાત્રામાં ‘ભારત માતા કી જય’ અને ‘વંદે માતરમ્’ના નારાઓથી સમગ્ર કેમ્પસમાં રાષ્ટ્રીય એકતા અને દેશપ્રેમનો માહોલ સર્જાયો હતો. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેતના જગાવવાના ઉમદા હેતુ સાથે યોજાયેલ આ કાર્યક્રમનું રાષ્ટ્રગાન સાથે ગર્વપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું.

## ખાનપુરની કોલંબી પ્રાથમિક શાળા ખાતે ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરાઇ



**ખાનપુર** | ખાનપુર તાલુકાની કોલંબી પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગસ્ટે ૮૦માં સ્વાતંત્ર્ય દિનની હર્ષોલ્લાસ અને રાષ્ટ્રભક્તિના રંગે ઉજવણી કરવામાં આવી હતી. અતિથિ વિશેષ અર્જભાઈ માલીવાડના હસ્તે સવારે ૮:૦૦ વાગ્યે ધ્વજવંદન કરી ઉપસ્થિત સૌએ રાષ્ટ્રધ્વજને સલામી અને રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગામના વડીલો, SMC સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાઈને વંદે માતરમ્ ના નારા સાથે વાતાવરણ ગુંજવી દીધું હતું. શાળાના આચાર્ય અને શિક્ષક ગણ દ્વારા બાળકોને ચોકલેટ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેનાથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## વિદ્યાનગરની બીવીએમ એન્જિનિયરિંગ કોલેજ ખાતે સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી



**આણંદ** | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (બીવીએમ) ખાતે 80મા સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી, જેમાં પ્રિન્સિપાલ ડૉ. વિનય પટેલે ધ્વજવંદન કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના માત્ર વપરાશકર્તા નહીં પણ સર્જક અને ઇનોવેટર બનવા તથા રેગિંગમુક્ત કેમ્પસ જાળવી રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે લેફ્ટનન્ટ પ્રો. ઘનશ્યામ રાઠોડે NCC કેડેટ્સની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી અને પ્રો. ઉર્વશી ગોહિલે આભાર વિધિ કરી હતી.આ. ઉજવણીના ભાગરૂપે કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## મોગરી સ્થિત અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઇ



**આણંદ** | મોગરી સ્થિત અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠ ખાતે 80મા આઝાદી પર્વની ‘આઝાદીનો રંગ, યુવાઓને સંગ’ થીમ પર દેશભક્તિના માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. નિવૃત્ત ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મગનભાઈ લાઠિયાના હસ્તે ધ્વજવંદન બાદ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રભક્તિ સભર ગીતો, નૃત્યો અને સંવાદો રજૂ કરી ભારતવર્ષ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. અતિથિવિશેષે બાળકોને વ્યસનમુક્ત રહી જવાબદાર નાગરિક બનવા હાકલ કરી હતી. સંસ્થાના કુલગુરુ રતિકાકાએ યુવાઓને નિયમિતતા, પ્રામાણિકતા અને શિસ્ત દ્વારા દેશને સુદ્રઢ બનાવવા પ્રેરક આશીર્વાદ પાઠવ્યા હતા.

## ખંભાતના નાનાકલોદરા હાઈસ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય અને ગૌરવપૂર્ણ ઉજવણી કરાઇ



**ખંભાત** | ખંભાત તાલુકાની ચંચલદિપ વિદ્યાવિહાર હાઈસ્કૂલમાં મુખ્ય મહેમાન શૈલેષભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરી દેશભક્તિના માહોલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામો તેમજ નિષ્ઠાવાન શિક્ષકો હિરલબેન પારેખ, અર્પિતાબેન પટેલ અને હિનલબેન રાજપૂતને વિશેષ સન્માનિત કરાયા હતા. વિદ્યાર્થીઓએ વ્યસનમુક્તિના નાટક અને દેશભક્તિના ગીતો પર આકર્ષક નૃત્યો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમના અંતે આચાર્ય ઇન્દ્રાબેન અને પ્રમુખ શ્રી નવીનભાઈએ પ્રેરક ઉદ્બોધન કરી સહયોગી દાતાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## વલ્લભ વિદ્યાનગરના સેતુ ટ્રસ્ટ દ્વારા ‘વિકસિત ભારત @ ૨૦૪૭’ ના લક્ષ્ય સાથે ધ્વજવંદન કરાયું



**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત સેતુ ટ્રસ્ટ દ્વારા દેશભક્તિમય વાતાવરણમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં જીતુભાઈ રાસધારીના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. ટ્રસ્ટના સ્થાપક સુધાબેન પટેલે ‘યુવા શક્તિ ફોર વિકસિત ભારત’ સંદેશ હેઠળ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતોની શાનદાર પ્રસ્તુતિ કરી હતી, જે ઉપસ્થિત મહાનુભાવો અને દાતાઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહી હતી. આ અવસરે દિવ્યાંગ અને અનાથ બાળકોની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવી હતી.

## સલુણ સ્થિત વૈદ્યનો કુવો પ્રાથમિક શાળામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે વાલી સંમેલન યોજાયું



**નડિયાદ** | સલુણ સ્થિત વૈદ્યનો કૂવો પ્રાથમિક શાળામાં પ્રવિણભાઈ ગોહિલના હસ્તે ધ્વજવંદન અને વાલી સંમેલનનો કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે ભૂતપૂર્વ આચાર્ય હસમુખભાઈ પ્રજાપતિએ ગત પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે આચાર્ય સંજય વાઘેલાએ આઝાદીના શહીદોના બલિદાન વિશે સમજ આપી હતી અને ધોરણ-૫ ના વિદ્યાર્થી વિરાટ ગોહિલે ધ્વજ રક્ષકની ભૂમિકા ભજવી હતી. શિક્ષક રાજેન્દ્રસિંહ ચૌહાણે સંચાલન કરેલા આ કાર્યક્રમમાં SMC સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજર રહી ઉત્સાહ વધાર્યો હતો.

## વિદ્યાનગરની આઈ. બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



**આણંદ** | ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં દેશભક્તિના માહોલમાં 80માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન કે. એસ. એન. મૂર્તિ અને આચાર્ય ભાવેશભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓને શિસ્ત, સ્વચ્છતા અને રાષ્ટ્રહિત માટે સમર્પિત રહેવા પ્રેરણાદાયી ઉદ્બોધન આપ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપ્રેમ અને ઉત્સાહ સાથે કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેનાથી સમગ્ર પરિસર દેશભક્તિના રંગે રંગાયું હતું. કેતનભાઈ પ્રજાપતિના સુચારુ સંચાલન હેઠળ સંપન્ન થયેલો આ કાર્યક્રમ નવી પેઢીમાં રાષ્ટ્રભાવના જગાડવામાં સફળ રહ્યો હતો.

## ખેડામાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે 45થી વધુ સફાઈ કામદારોનું કરાયું વિશેષ સન્માન કરાયુ



**ખેડા** | ખેડામાં અનુસૂચિત જાતિના આગેવાનોએ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી ૧૫મી ઓગસ્ટની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. આ અવસરે નગરપાલિકાના ૪૫થી વધુ સફાઈ કર્મચારીઓને પેન્ટ-શર્ટ, ઘડિયાળ અને સાડી જેવી ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શહેરની સ્વચ્છતા માટે દિવસ-રાત મહેનત કરતા આ સેવકોની કામગીરીને બિરદાવવા માટે આગેવાનો દ્વારા આ અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ‘સ્વચ્છતા હી સેવા’ના મંત્રને સાર્થક કરતા પાયાના કર્મચારીઓને યાદ કરી સમાજમાં એક સકારાત્મક સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

## કપડવંજ નગરપાલિકામાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રમુખે ધ્વજવંદન કર્યું



**કપડવંજ** | કપડવંજ નગરપાલિકા ખાતે પ્રમુખ સેજલબેન પટેલના હસ્તે ધ્વજવંદન કરી ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પ્રમુખે નગરના સર્વાંગી વિકાસ માટેની આગામી યોજનાઓ અને વિવિધ વિકાસલક્ષી કામોની વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ચીફ ઓફિસર, ઉપપ્રમુખ અને સદસ્યો સહિત નગરના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રગાન અને દેશભક્તિના નારાઓ સાથે સમગ્ર નગરપાલિકા સંકુલમાં ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમનું વાતાવરણ જોવા મળ્યું હતું.

## કપડવંજની તોરણા હાઈસ્કૂલમાં દેશભક્તિના માહોલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઇ



**કપડવંજ** | કપડવંજની તોરણા હાઈસ્કૂલમાં કેળવણી મંડળના પ્રમુખ મહેશભાઈ પટેલના હસ્તે ગૌરવભેર ધ્વજવંદન કરી આઝાદી પર્વની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે શાળાના ૮૦ વિદ્યાર્થીઓએ ૨૧ દેશભક્તિ ગીતો પર દેશપ્રેમથી છલકાતા આકર્ષક નૃત્યો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહેલા ગ્રામજનો અને વાલીઓએ વિદ્યાર્થીઓની કલાને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. અંતે શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સફળ સમાપન કર્યું હતું.